સ્પેશ્યલાઇઝ્ડ અડોપ્શન અજન્સી, વડોદરાના મકાન બાંધકામ માટે રૂ.૪.૮૭ કરોડની સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/NIR/e-file/17/2023/3449/CHH Section**

સચિવાલય, ગાંધીનગર.

તા.e-sign મુજબ

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૧૦/૦૭/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૦૯/૦૧/૨૦૨૬નો પત્ર ક્રમાંક:-**DSD/NEW/e-file/226/2023/2332/Planning Branch**

આમુખ:-

વંચાણે લીધેલા ક્રમાંક:(૧) પરના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તક સ્પેશયલાઇઝ્ડ એડોપ્શન એજન્સી/શિશુ ગૃહ, વડોદરાના નવા બાંધકામ માટે કુલ રૂ.૨.૨૫ કરોડના અંદાજોને તથા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં ૧/૩ લેખે નવી બાબત તરીકે રૂ.૦.૭૪ કરોડની જોગવાઈને ઉક્ત ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

સદર મુખ્ય બિલ્ડીંગ (શિશુ ગૃહ) સાથે સંલગ્ન અંદાજો જેવા કે રેન વોટર હાર્વેસ્ટિંગ, સમ્પ અને પંપ રૂમ, પાર્કિંગ શેડ, બોર વેલ, ઇન્ટરનલ સી.સી રોડ, કમ્પાઉન્ડ વોલ, એક્સટર્નલ સેનિટેશન, ગાર્ડન અને પ્લાનિંગ તેમજ ફાયર ફાઇટર, ઇલેક્ટ્રીકફિકેશન, ફર્નિચર વિગેરેનું લમ્પ પ્રોવિઝન કરતાં કુલ રકમ રૂ.૪.૮૭ કરોડ થવા પામેલ હોઇ, વંચાણે લીધેલા ક્રમાંક-(૨) પરના પત્રથી રૂ.૪,૮૬,૭૯,૪૦૦/- ( અંકે રૂપિયા ચાર કરોડ છ્યાસી લાખ ઓંગણાએસી હજાર ચાર સો પુરા)ની સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, વંચાણે લીધેલા ક્રમાંક-(૨) પરના પત્રથી સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સી/શિશુ ગૃહ, વડોદરાના મકાન બાંધકામ માટે રજૂ કરવામાં આવેલ રૂ.૪.૮૭ કરોડના ખર્ચ અંદાજોને આથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

સદર બાબતે થનાર ખર્ચ માંગણી નં.૮૪ ખ(જ) ૪૨૩૫ ૦૧ ૨૦૧ ૪૨ ૫૩૦ ખાતે ઉધારવાનો રહેશે. વધુમાં, વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક-(૧) પરના વહીવટી મંજૂરીના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

(જીગર પટેલ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી (નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી મારફત)
- વિભાગની બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સહ)
- સેક્શન અધિકારીશ્રી, છ-૧/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૬

Signature Not Verified

Signed by:Jigar Patel
Section Officer
Date:2026.05.02
13:49:07 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign